


કોંગ્રેસ પ્રેરિત ઉત્તર ગુજરાત ગૌરવ મહાસંમેલન મહેસાણા ખાતે મળ્યું હતું. વિશાળ જનમેદનીને સંબોધન કરતાં પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું હતું કે, પાટીદાર સમાજે હંમેશા ગુજરાતને વિકાસની દિશા તરફ લઇ ગયો છે. અંગ્રેજોની સામે લડાઈમાં સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એ લોખંડી તાકાતના વારસદારો છીએ. દોઢ દાયકામાં પાટીદાર સમાજે ભાજપને મજબુત બનાવ્યો પણ આજે એ જ ભાજપે પાટીદાર સમાજને ખોરાણે મૂકવાનું કામ કર્યું છે. ભાજપે કેશુભાઈ, સુરેન્દ્ર પટેલ જેવા તેમના જ પક્ષના આગેવાનોને હાસ્યામાં મૂક્યા છે. પાટીદાર સમાજના ખભા મજબુત છે. પણ ખભે બંદુક મૂકનારને પાટીદાર સમાજ ચલાવી લેશે નહીં. સમાજના ગૌરવની અને ગુજરાતના હિતની લડાઈ માત્ર પાટીદાર સમાજ જ નહીં પણ સમગ્ર સમાજને સાથે લઈને લડશે. પાટીદાર સમાજ સામે અન્ય સમાજ મીટ માંડીને બેઠો છે અને તેમના હિતની લડાઈમાં પાટીદાર સમાજ આગળ આવશે. ગુજરાતના સાધનો અને સંપત્તિઓ લૂંટવામાં આવી રહ્યા છે. પાટીદાર સમાજ ખેતી સાથે સંકળાયેલો છે. ભાજપની સરકાર એ ખેડૂતોની સરકાર નથી, ખાતર ઉપર વેટ લેવામાં આવે છે. તેમજ જણાવી સિદ્ધાર્થ પટેલે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા.

# ખેડૂત અકસ્માત વિમા યોજનાનો લાભ ખાતેદાર ખેડૂતના એક વારસદારને પણ મળશે

ગાંધીનગર, તા.૯

ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાનો લાભ ખાતેદાર ખેડુતના એક વારસદારને આપવાનો નિર્ણય રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના વર્ષ ૨૦૦૯થી અમલમાં મુકવામાં આવેલી છે. ખાતેદાર ખેડુત અકસ્માત યોજનાનો સમાવેશ ગુજરાત સામુહિક જુથ જનતા અકસ્માત વિમા યોજનામાં કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાનો લાભ ખાતેદાર ખેડુતના એક વારસદારને આપવાનો હુકમ કરવામાં આવેલ છે. આ યોજનાને વિસ્તૃત કરી ખાતેદાર ખેડુતોના સંતાનોને આ યોજનાનો લાભ મળે તે હેતુથી ખાતેદાર ખેડૂતના વારસદાર પતિ પત્ની સિવાયના પ્રથમ હયાત સંતાન (પુત્ર-પુત્રી)નો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજનાનો લાભ ગુજરાત રાજયના તમામ ખાતેદાર ખેડુતો કે જેમના મહેસુલી રેકર્ડ પ્રમાણે ૮-એ ૭/૧૨ અને હકક પત્રક-૬ના નમુનામાં જેમના નામે જમીન હોય તેવા વ્યકિતગત કે સંયુકત ખાતેદાર ખેડુત તમામને મળવાપાત્ર છે. આ ઉપરાંત ૮-એ મુજબના ખેડુત ખાતેદારના એક વારસદારને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

ખાતેદાર ખેડુતના પ્રથમ હયાત વારસદાર (પુત્ર-પુત્રી) ને જ વિમા યોજનાનો લાભ જે તે વર્ષમાં મળશે. આ માટે અરજી સાથે અસલ પેઢી નામું ફરજીયાત રજુ કરવાનું રહેશે.

ખાતેદાર ખેડુતના વારસદાર વિમા ધારકના લાભાર્થી વારસદાર તરીકે પતિ અથવા પત્ની તેમની ગેર હયાતીમાં તેમના બાળકો, તેમના મા-બાપ તેમના પૌત્ર પૌત્રી રહેશે. મૃતક ખેડુતના વારસદાર પર આધારિત અને તેમની સાથે રહેતી અપરિણીત અથવા વિધવા અથવા ત્યકતાબેન પણ રહેશે.


આ કિસ્સાઓ સિવાયની અરજીઓમાં વારસદાર વિમા ધારકના લાભાર્થી વારસદારે લાભ મેળવવા માટે વારસાઈ હકક માટેનો પ્રોબેટ રજુ કરીને આ લાભ મેળવી શકશે.

જયારે ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત વારસદાર (પુત્ર-પુત્રી)નું અકસ્માતે મૃત્યુ અપંગતા થાય તેવા સમયે જે તે વર્ષ પુરતો આ લાભ અન્ય વાસદારોને મળવાપાત્ર થતો નથી. તેવી નોંધ હકકપત્રકમાં કરાવી આ હક્કપત્રકની પ્રમાણિત નકલ વિમા વળતર મેળવવા માટે રજુ કરવાની રહેશે. જેથી એક જ વર્ષમાં એક થી વધુ અકસ્માત થાય તેવા સંજોગોમાં આવો લાભ એક વખત અપાઈ ગયેલ હોઈ તો બેવડાય નહીં.

## વડીલોને વંદન
## અભિનંદન
### આજે જન્મદિવસ



સવિતાબેન જગજીવનદાસ મિસ્ત્રી
(૧૯૪૧) ફોન. ૨૩૨-૧૦૮૪૮



મંગળદાસ મોહનલાલ પારેખ
(૧૯૩૫) ફોન. ૨૩૨-૨૭૮૮૦

# યૂપીએ સરકાર કિસાન, ગરીબ અને દલીત વિરોધી છે : ભાજપ

રાજકોટ, તા.૯

ભાજપની બે દિવસીય પ્રદેશ કારોબારની બેઠક આજે રાજકોટમાં શરૂ થઈ હતી. ધારણા પ્રમાણે જ આ બેઠકમાં કેન્દ્રની યૂપીએ સરકાર ઉપર આક્ષેપોનો મારો ચલાવવામા આવ્યો હતો. પ્રદેશ અધ્યક્ષ ફળદૂએ આક્ષેપ કરતા કહ્યુ હતુ કે દિલ્હીની કોંગ્રેસ સરકાર કિસાન, ગરીબ, દલિત વિરુદ્ધની સરકાર છે. આગામી દિવસોમાં કાર્યકરો કાર્યક્રમો યોજીને યૂપીએ સામે જોરદાર આંદોલન છેડશે. ગુજરાતને થતા અન્યાય સામે રાજ્યની પ્રજા આગામી ચૂંટણીમાં કોંગ્રેસ વિરુદ્ધ આક્રોશ ઠાલવી હિસાબ બરોબર કરશે તેમ પુરુષોત્તમ રુપાલાએ પણ કહ્યુ હતુ.ભારતીય જનતા પાર્ટીની બે દિવસીય પ્રદેશ કારોબારીનું આજરોજ આત્મીય કોલેજ-રાજકોટ ખાતે પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી સહિત પ્રદેશ હોદેદારો, રાજ્ય મંત્રીમંડળના કારોબારીમાં અપેક્ષિત સભ્યો સહિત રાજ્યભરમાંથી કારોબારીમાં અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ કારોબારીમાં પ્રથમ દિવસે હાથ ધરાયેલી કાર્યવાહીની વિગતો આપતાં પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજા તેમજ પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે કોંગ્રેસની કેન્દ્રમાં કાર્યરત યુપીએ સરકાર દ્વારા ગુજરાતને કરવામાં આવતા અન્યાય અને કેન્દ્રની દિશાવિહીન ભ્રષ્ટ કોંગ્રેસ સરકરાની નિષ્ફળતાને ઉજાગર કરતો પ્રસ્તાવ આજરોજ કારોબારીમાં પસાર કરાયો હતો અને કોંગ્રેસની કેન્દ્ર સરકારની ગુજરાતને અન્યાય કરનારી નીતિઓના મુદ્દે સમગ્ર રાજયમાં જનજાગરણ આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આજની કારોબારીમાં અધ્યક્ષીય પ્રવચન કરતા પ્રદેશ પ્રમુખ આરસી ફળદુએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યની મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કાર્યરત ભાજપાની સરકારના પ્રજાનું કલ્યાણ કરતા કાર્યક્રમોને પ્રજાની વચ્ચે લઈ જવાના એક માત્ર કાર્યને કાર્યકરો પોતાનું લક્ષ્ય બનાવે તે સમયની માંગ છે.

## સમાચાર ઝલક

- પાકિસ્તાનના પેશાવરમાં બોમ્બ વિસ્ફોટ : ૧૯નાં મોત.
- મોરબીનાં આચાર્યનો અપહરણ બાદ છૂટકારો : ૯ ની સામે ફરિયાદ.
- મુંબઇ-અમદાવાદ હાઇવે પર લૂંટ કરતી ગેંગ પકડાઇ.
- ગાંધીયાનમાં વસ્તુઓનું ધૂમ વેચાણ, સાબરમતી ગાંધી આશ્રમમાં ૧ કરોડનું વેચાણ.
- રાષ્ટ્રપતિ પદ માટે કોંગ્રેસના ઉમેદવાર શ્રી પ્રણવ મુખરજીની પ્રબળ શક્યતાઓ.
- સંસદ સભ્યોના કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ નહિ બને.
- નિર્મલ બાબાના બેંક ખાતા ફ્રીઝ કરાયા.
- ગયામાં વિસ્ફોટથી ગભરાટ, ભાગદોડ મચી.
- ચોમાસુ આવતાં વિવિધ રોગચાળો ફાટી નીકળવાની દહેશત.
- દિલ્હીમાં આગથી તબાહી : (૧) ગેસનું સિલિન્ડર ફાટ્યું, (૨) સદર બજારમાં આગ ભભુકી.
- નાગપુરના એક શોરૂમમાં સી.સી.ટી.વી. ફુટેજથી સોનાની ચોરી કરનારા પકડાયા.
- ફિલ્મ અભિનેત્રી સોનમ કપૂરનો આજે જન્મદિવસ હતો. ફિલ્મી જગતે અભિનંદન પાઠવ્યા.
- મહેસાણા જિલ્લામાં કૈયલ ગામે ચૂંટણી અદાવતમાં જૂથ અથડામણ.
- સી.એ.ના વિદ્યાર્થીની સૂરતમાં દીક્ષાયાત્રા નીકળશે.

# માહિતી અધિકાર અન્વયેની માહિતી માટે ચલક-ચલાણું

ગાંધીનગર, તા. ૯

ગુજરાતનું પાટનગર ગાંધીનગર કે, જયાંથી સમગ્ર રાજયનો વહીવટ ચાલે છે તેવા ગાંધીનગરનો વહીવટ અંધેર ચાલી રહ્યો છે. અરજદાર અરજી મોકલવામાં ભૂલ કરે તે માની શકાય પરંતુ સરકારી કર્મયોગીની તાલીમ પામેલ અધિકારીઓ આર.ટી.આઈ.ની માહિતી બાઈ-બાઈ ચારણીની જેમ એક-બીજા-ત્રીજા વિભાગને અરજી તબદીલ કરે છે. આર.ટી.આઈ.નો જવાબ ૩૦ દિવસની અંદર આપવાનો હોય છે. જયારે એક વિભાગ બીજા વિભાગને ૩૦ દિવસે અરજી તબદીલ થાય છે.

સેકટર-૨ની સરકારી માધ્યમિક શાળાના અનામત પ્લોટની માહિતી તા. પહેલી મે ના રોજ માર્ગ અને મકાન વિભાગ જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ હતી. જે અરજી તેઓએ તા. ૫મે નાં રોજ કલેકટરશ્રી ગાંધીનગરને તબદીલ કરેલ. ૩૦ દિવસે તપાસ કરતાં કલેકટર કચેરીએ મુખ્ય તબદીલ કરેલ છે. તેથી તેની રાહ જોવી રહી.

આજ પ્રશ્નના પેટા પ્રશ્નની માહિતી માર્ગ અને મકાન વિભાગ અધિક્ષક ઈજનેર પાટનગર યોજના વર્તુળ કચેરી, અરજી તબદીલ કરી હતી. ત્યાં એક મહિના પછી માહિતી મેળવતાં, આવી કોઈ ટપાલ આવીજ નથી. આમ આખો પત્ર ગુમ થયેલ છે. માહિતી અધિકાર અન્વયેની પત્રોની માહિતી ન મળે તો તંત્રની ભૂલો કેટલા અંશે યોગ્ય છે. માહિતી માંગવાના અધિકાર અન્વયે જાણીતા સામાજિક કાર્યકર શ્રી રાજેન્દ્રભાઈ આર. પારેખ તેમના નિવેદન દ્વારા કડવા અનુભવની આપવીતી જણાવેલ છે.

# કૃષી વિભાગે ચાર યોજનાને મર્જ કરીને સંકલીત સ્વરૂપે યોજના આ વર્ષે ચાલુ રાખી

ગાંધીનગર, તા. ૯

કૃષી વિભાગ દ્વારા રીસ્ક મેનેજમેન્ટ ઈન એગ્રીકલ્ચર સેક્ટર હેઠળ ચાર યોજનાઓને મર્જ કરીને સંકલીત યોજના તરીકે આ વર્ષે ચાલુ રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.


રીસ્ક મેનેજમેન્ટ ઈન એગ્રીકલ્ચર સેક્ટર હેઠળ રાષ્ટ્રીય કૃષી વિમા યોજના ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના અનામત ભંડોળ અને થાપણો ખેત ઉત્પાદન ભાવ સમધારણ ફંડની યોજના કૃત્રિમ વરસાદના પ્રયોગની યોજના મર્જ કરવામાં આવી છે.

આ યોજનાઓને મર્જ કરી સંકલીત સ્વરૂપે આ યોજના આ નાણાકીય વર્ષમાં પણ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મર્જ કરાયેલી ચાર યોજનાના અમલીકરણ માટે થનાર ખર્ચ માટે રૂ. ૨૬૦ કરોડ ૭૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને કૃષિ વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. આ ઉપરાંત આ અંગેનું ખર્ચ સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે. યોજના ઘટક હેઠળ નિયત કરવામાં આવેલ શરતો અને બોલીઓ મુજબ યોજનાનો અમલ કરવાનો રહેશે. રાષ્ટ્રીય કૃષી વીમા યોજનાનો રાજ્યમાં અમલ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ અને આ અન્વયે વખતોવખત કરવામાં આવતા ઠરાવોમાં જણાવ્યા મુજબ કરવાનો રહેશે.

મર્જ કરાયેલી ચાર યોજનાઓ માટે કરાયેલી જોગવાઈમાં રાષ્ટ્રીય કૃષી વિમા યોજના માટે રૂ. ૨૩૬ કરોડ ૧૩ લાખ, ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના માટે રૂ. ૨૨ કરોડ અનામત ભંડોળ અને થાપણો ખેત ઉત્પાદન ભાવ સમધારણ ફંડની યોજના માટે રૂ. ૨.૫૦ કરોડ અને કૃત્રિમ વરસાદના પ્રયોગની યોજના માટે રૂ. આઠ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

## શબ્દાવલી - ૪૭૫૩



| આડી ચાવી | |
|---|---|
| ૧. શાંતિ, ધીરજ | (૪) |
| ૪. લાકડી ઉપર ચીંથરા વિંટેલ દીવા જેવો કાકડો | (૩) |
| ૭. ગેઈમ, ખેલકુદ | (૬) |
| ૮. લોકઈ, શોકવ્યક્ત કરવો તે | (૪) |
| ૯. જમીનદોસ્ત | (૪) |
| ૧૦. હોળી | (૪) |
| ૧૨. નાવિક, કેવટ | (૩) |
| ૧૩. મુશળધાર, ખુબ જોરથી | (૪) |
| ૧૫. ... લેમ્પ, એક પ્રકારની લાઈટ | (૪) |
| ૧૭. મોરલી, વાંસળી | (૨) |
| ૧૮. ધનુષ્યને બાંધવામાં આવતી દોરી | (૩) |

| ઊભી ચાવી | |
|---|---|
| ૧. જબરદસ્ત | (૪) |
| ૨. ઓળખ | (૩) |
| ૩. એક જીવડું | (૩) |
| ૪. તુચ્છ, હલકું | (૪) |
| ૫. સાંજ (હિન્દીમાં) | (૨૦ |
| ૬. કુટેવ, ટેવ | (૨) |
| ૯. માલિક | (૪) |
| ૧૦. લાડમાં પડાતું નામ | (૪) |
| ૧૧. લક્ષણ, ગુણ છાપ | (૩) |
| ૧૪. ઝેરનું... ઝેર | (૩) |
| ૧૬. ખુબ સુંદર, સરસ | (૨) |

### શબ્દાવલી ૪૭૫૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) મથરાવટી (૪) આપ (૬) થાપણ (૭) અમલ (૮) મડ (૯) ખળખળાટ (૧૦) ખોડ (૧૨) ખણખોદ (૧૪) પકડા (૧૫) શાન (૧૭) કર્ણ (૮) ટન (૨૦) નર (૨૧) પખાલ (૨૨) ભયાનક

**ઊભી ચાવી :-** (૧) મથામણ (૨) થપડ (૩) રાણ (૪) આમળા (૫) પલટન (૭) અભરખો (૯) ખડખડાટ (૧૧) સુપર્ણખા (૧૩) દશાનન (૧૬) નરક (૧૭) કપ (૧૯) નભ


# ઈશરત કેસ : પ્રધાનના આદેશ વિરુદ્ધ વર્માની કોર્ટમાં અપીલ

અમદાવાદ,તા.૯

આઈપીએસ ઓફિસર સતિષ વર્માએ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)માંથી હાર્ડડિસ્ક કબજે કરવા બદલ તેમની સામે ગુનો દાખલ કરવા રાજ્યના ગૃહપ્રધાન પ્રફુલ્લ પટેલ દ્વારા જારી કરવામાં આવેલા આદેશની સામે ગુજરાત હાઈકોર્ટમાં અપિલ કરી દીધી છે. ઈશરત તપાસ દરમિયાન એફએસએલ હાર્ડડિસ્ક કબજે કરવા બદલ ટોચના ઓફિસર સામે સકંજો મજબૂત કરવાની હિલચાલ ચાલી રહી છે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તપાસ કરનાર ખાસ તપાસ ટીમના એક સભ્ય તરીકે સતીષ વર્મા હતા. ગયા વર્ષે સીટના તપાસ અધિકારી વી આર ટોલિયાની સાથે વર્માએ મેઘાણીનગરમાં એફએસએલ ઓફિસની મુલાકાત લીધી હતી અને એન્કાઉન્ટર કેસમાં તપાસના ભાગરૂપે તેઓએ લેબોરેટરીના સહાયક ડિરેક્ટર બી કે મિસ્ત્રી પાસેથી હાર્ડડિસ્ક કબજે કરી લીધી હતી. આ ડિસ્કમાં જૂન ૨૦૦૪ના ઈશરત એન્કાઉન્ટર સીનના ફોટોગ્રાફ પણ છે. આ ફોટોગ્રાફ દેખીતી રીતે તપાસ સંસ્થા સમક્ષ રજૂ કરવામાં આવ્યાના હતા. મિસ્ત્રીએ સીટના અધિકારીઓ સામે ફરિયાદ દાખલ કરી હતી. ત્યારબાદ પોલીસ અધિકારી અને સીટના અન્ય સભ્ય મોહન ઝાએ આ બનાવમાં તપાસનો આદેશ કર્યો હતો.

## એરગનથી ફાયરીંગ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પીછો કર્યો હતો. પોલીસે આ કારને રોકવા માટે જણાવ્યું હતું પરંતુ કારમાં બેઠેલા ૩ માંથી એક ઈસમે એરગન બહાર કાઢી ડીવાયએસપીની ગાડીને આગળ જવા જણાવ્યું હતું જેથી પોલીસની ગાડીના ડ્રાઈવરે વેગનઆરને ટક્કર મારતા વેગનઆર ગાડીને ચ-માર્ગ ઉપર ૭/૮ ના બસ સ્ટેન્ડ નજીક કાર સહિત ત્રણેય ઈસમોને ઝડપી પાડ્યા અને તાત્કાલિક ત્રણેયને સેક્ટર-૭ પોલીસમથકમાં લાવ્યા હતા. જ્યાં પોલીસે પ્રાથમિક પુછપરછ કરતા ફાયરીંગ કરનાર વ્યક્તિઓમાં ગજેન્દ્રસિંહ ગણપતસિંહ ચાવડા ઉં.વ. ૩૦ રહે. સરગાસણ, શક્તિસિંહ દિલીપસિંહ ચૌહાણ ઉં.વ. ૨૭ રહે. સરગાસણ અને જીતેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલા ઉં.વ. ૨૭ રહે. સરગાસણ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે હાલ આ ત્રણેય ઈસમોની ધરપકડ કરી તેમની વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




સંજય જોશીની ભાજપમાંથી હકાલપટ્ટી કરવામા આવ્યા બાદ આ મામલે પણ રાજનીતિ શરૂ થઈ ગઈ છે. એનસીપી ઓફિસ પાસે સંજય જોશીનુ બોર્ડ લગાવવામા આવ્યુ છે.

# છેતરપિંડી પ્રકરણ : ઉસ્માન બલવાની આકરી પૂછપરછ

અમદાવાદ,તા.૯

સનસનાટીપૂર્ણ ટુજી કૌભાંડના આરોપી શાહીદ બલવાના પિતા ઉસ્માન બલવાની બલરામ રિસોર્ટ ખાતે આકરી પૂછપરછ કરવામાં આવી હોવાની માહિતી મળી છે. જો કે પૂછપરછ અંગે અધિકારીઓએ વિગત જારી કરી નથી. છેતરપિંડી સાથે સંબંધિત કેસમાં ઉસ્માન બલવાની પૂછપરછ કરવામાં આવી છે. ઉસ્માન બલવાના પુત્ર શાહીદ બલવા પણ ટુજી કૌભાંડના સંકંજામાં આવેલા છે. શહેરના ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ ઉસ્માન સામે સમન્સ જારી કર્યુંહતું. ૧.૩૫ કરોડના છેતરપિંડી કેસના સંબંધમાં ગોપી રેસ્ટોરન્ટના માલિકો દિલીપ અને રાજુ ઠક્કરની ધરપકડ કરવામાં આવ્યા બાદ ઉસ્માન સામે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. રિસોર્ટ કેસમાં હજુ પણ કેટલીક ચોંકાવનારી માહિતી સપાટી ઉપર આવી શકે છે.

મળેલી માહિતી મુજબ ઉસ્માનને બલરામ રિસોર્ટમાં કરવામાં આવેલા મૂડીરોકાણ અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચના અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું હતું કે ઉસ્માને અમને કહ્યું હતું કે તેમના મિત્ર હર્ષદ મહેતા દ્વારા સમજાવવામાં આવ્યા બાદ રિસોર્ટના ડિરેક્ટર બન્યા હતા. હર્ષ મહેતા મુંબઈ સ્થિત ડાયમંડના વેપારી છે. આ હીરાના વેપારીએ બંને પાસેથી પ્રોપર્ટી ખરીદી લીધી હતી.

જો કે રિસોર્ટમાં અંગત મૂડીરોકાણ હોવાનો ઉસ્માન બલવાએ ઈન્કાર કર્યો હતો. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે આ કેસમાં હજુ સુધી શાહીદ સામે કોઈપણ બાબત સપાટી ઉપર આવી નથી. મે મહિનામાં ઠક્કર બંધુઓની છેતરપિંડી કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. મિત્રો અને મૂડીરોકાણકારો સાથે ૧.૩૫ કરોડની છેતરપિંડીનો મામલો નોંધાયો હતો. પોલીસ અધિકારીઓએ બંનેની જામીન અરજીનો પણ વિરોધ કર્યો છે જેની સુનાવણી શહેર સેશન કોર્ટમાં ૧૨મી જૂનના દિવસે હાથ ધરાશે.